ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
છઠ્ઠો માળ, ગિફ્ટ વન, માર્ગ-૫-સી, ઝોન-૫,
ગિફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨ ૩૫૫, ગુજરાત

**પબ્લીક નોટીસ**

**ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ (વિજ પુરવઠા સંહિતા અને આનુસંગિક બાબતો)(બિજો સુધારો) વિનિયમો ૨૦૧૭ ના મુસદ્દા અંગે વાંધા /સુચનો આમંત્રિત કરે છે)**

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે વિજ અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૧૮૧(૨)(x) કે જેને વિજ અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૫૦ સાથે વાંચતા અને ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુર્નગઠન અને નિયમન) અધિનિયમ ૨૦૦૩(ગુજરાતનો ૨૦૦૩ નો ૨૪ મો અધિનિયમ) ની કલમ ૪૨(૧)(બી) અન્વયે સોંપેલી સતાઓ તથા આ અંગે તેમને સક્ષમ બનાવતી તમામ સતાઓની રૂએ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(વિજ પુરવઠા સંહિતા અને આનુસંગિક બાબતો)(બિજોસુધારો) વિનિયમો ૨૦૧૭ નો મુસદ્દો તૈયાર કરેલ છે. સદર સંબંધિત સુધારેલ વિનિયમો આયોગની વેબસાઇટ **www.gercin.org** પર મુકવામાં આવેલ છે.

આથી જાહેર કરવામાં આવે છે કે, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(વિજ પુરવઠા સંહિતા અને આનુસંગિક બાબતો)(બિજો સુધારો) વિનિયમો ૨૦૧૭ માં દરખાસ્ત કરવામાં આવેલ સુધારા અંગે જે વ્યક્તિઓ પોતાના વાંધા/સુચનો રજુ કરવા ઇચ્છતા હોય તેઓએ તેમના પુરા નામ અને સરનામા સાથે વાંધાઓ/સુચનોની પાંચ નકલો જરૂરી સોગંધનામા સાથે તા.૦૫/૦૯/૨૦૧૭ સુધીમાં ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ, છઠ્ઠો માળ, ગીફ્ટ વન, રોડ-૫-સી, ઝોન-૫, ગીફ્ટ-સીટી, ગાંધીનગર, ગુજરાત-૩૮૨ ૩૫૫ ને મોકલી આપવા. તા.૦૫/૦૯/૨૦૧૭ બાદ પ્રાપ્ત થયેલ વાંધાઓ/સુચનોને ધ્યાન ઉપર લેવામાં આવશે નહીં. આખરી નિર્ણય વાંધાઓ/સુચનોને ધ્યાનમાં રાખીને લેવામાં આવશે.

વાંધા/સૂચનો પરની સુનાવણી તા. ૧૧/૦૯/૨૦૧૭ ના રોજ ૧૧:૩૦ કલાકે આયોગ ની કચેરીએ રાખેલ છે.

સહી/-
(રૂપવંત સિંહ, આઇ.એ.એસ)

તા.૦૨/૦૮/૨૦૧૭
ગાંધીનગર

સચિવ,
જીઈઆરસી